# સંક્રમણ: શાળાની સકારાત્મક શરૂઆત

**પરિવારોને શિક્ષણ અને વિકાસ સંક્રમણ નિવેદન (ટ્રાન્ઝિશન લર્નિંગ એન્ડ ડેવલ્પમેન્ટ સ્ટેટમેન્ટ) ભરવામાં મદદ કરવા માટેની માર્ગદર્શિકા**

## શાળાની સકારાત્મક શરૂઆત શા માટે અગત્યની છે?

શાળાની સકારાત્મક શરૂઆત તમારા બાળકને વધુ સારું શિખવામાં મદદ કરે છે અને બાળમંદિરને બદલે શાળાએ જવાનું શરૂ કરવામાં અને તેમના ભવિષ્યમાં વધુ ખુશીનો અનુભવ કરાવે છે. સકારાત્મક સંક્રમણ, તમારા બાળકનાં અગાઉના અને હાલનાં અનુભવોના આધારે તેમને સલામત, વિશ્વાસપૂર્ણ અને સંકળાયેલા હોવાનો અનુભવ કરાવીને, તમારા બાળકના શિક્ષણ અને વિકાસનું સાતત્ય જાળવવામાં પણ મદદ કરે છે. શાળાની સકારાત્મક શરૂઆત તેમને વધુ સહનશક્તિવાળા બનાવવામાં પણ મદદ કરે છે.

## ટ્રાન્ઝિશન લર્નિંગ એન્ડ ડેવલ્પમેન્ટ સ્ટેટમેન્ટ શું છે?

બાળમંદિર અર્લિ ચાઇલ્ડહુડ સેવાઓ (બાળમંદિર), શાળાઓ, શાળા કલાકો સિવાયની સંભાળ (OSHC-ઓએસએચસી) સેવાઓ અને પરિવારો ભેગા મળીને બાળકોનાં શિક્ષણ અને સુખાકારીને ટેકો આપે છે. ટ્રાન્ઝિશન લર્નિંગ એન્ડ ડેવલ્પમેન્ટ સ્ટેટમેન્ટ (TLDS-ટીએલડીએસ)નો ઉપયોગ કરીને તેઓ માહિતીની આપલે કરે છે. જે તે અર્લિ ચાઇલ્ડહુડ સેવા દ્વારા દરેક બાળક માટે, તેઓ શાળાએ જતાં થાય ત્યારે આ લખવામાં આવે છે.

ટીએલડીએસ તમારા બાળકના શિક્ષણ, વિકાસ અને સુખાકારી વિષયક માહિતીની અર્લિ ચાઇલ્ડહુડ સેવાઓ અને શાળાઓની વચ્ચે આપલે કરે છે. ટીએલડીએસ તમારા બાળકની રૂચિઓ, તેમના કૌશલ્યો અને ક્ષમતાઓની એકરૂપ રેખા પૂરી પાડે છે અને તમારા બાળકને ટેકો આપવા માટે વ્યક્તિગત અભિગમો તથા તેમને શીખવાડવા માટેની કુશળ યોજનાઓ સૂચવે છે.

તમારા બાળકો શાળાએ જતાં થાય ત્યારે તેમના શિક્ષણને સમજવામાં અને તેમને ટેકો આપવામાં ટીએલડીએસ તમને મદદ કરી શકે છે. ટીએલડીએસમાં રહેલ માહિતી ફાઉન્ડેશનનાં શિક્ષકોને તમારા બાળક વિષે જાણવામાં અને યોગ્ય શિક્ષણ કાર્યક્રમોની યોજના કરવામાં મદદ કરે છે. જો તમારું બાળક ઓએસએચસીમાં હશે તો, ટીએલડીએસ ત્યાં પણ તેમના સમય માટે યોજના કરવામાં મદદ કરે છે.

તમારા બાળકનું નામ, જન્મ તારીખ અને છબી તેમજ તમારું નામ અને સંપર્કની માહિતી સહિતની કેટલીક અંગત વિગતો ટીએલડીએસ પર હશે. તેમાં, તમારા બાળકને સહાય કરી હોય તેવા અન્ય અર્લિ ચાઇલ્ડહુડ વ્યવસાયિકોનું નામ અને સંપર્કની વિગતો પણ હોય શકે છે.

તમારા બાળકનાં ટીએલડીએસમાં ફાળો આપવો એ, શાળા શરૂ થતાં પહેલાં તમે અને તમારું બાળક સાથે મળીને કરી શકો તેવી, શાળામાં સંક્રમણ પ્રવૃત્તિઓમાંથી એક છે.

## હું મારા બાળકનું ટીએલડીએસ કેવી રીતે મેળવું?

તમારા બાળકની અર્લિ ચાઇલ્ડહુડ સેવા તમને ઓનલાઇન ટીએલડીએસ ટુલની લિંક આપશે. ઓનલાઇન ટીએલડીએસ એ, ટીએલડીએસ પૂર્ણ કરવાની ઉત્તમ પદ્ધતિ છે.

જો તમે ઓનલાઇન ટૂલનો ઉપયોગ કરી શકો તેમ ન હોવ તો, તેના બદલે તમે કાગળ પર એક નકલ માંગી શકો છો.

## ટીએલડીએસનો કયો ભાગ મારે ભરવાનો છે?

*વિભાગ 1* અને *1.1* તમારા બાળકનાં અર્લિ ચાઇલ્ડહુડ શિક્ષકો દ્વારા ભરવામાં આવે છે.

જો તમારા બાળકને વિલંબિત વિકાસ અથવા વિકલાંગતા હોય તો, તમારા બાળકનાં અર્લિ ચાઇલ્ડહુડ શિક્ષક દ્વારા *વિભાગ 1.2* ભરવામાં આવી શકે છે. તમારા બાળકને મદદ કરી રહેલા અન્ય વ્યાવસાયિકો પણ આ ભાગમાં ઉમેરો કરી શકે છે.

*વિભાગ 2: બાળક*, તેમને સારી રીતે ઓળખતાં હોય તેવા પુખ્તવયના વ્યક્તિની સાથે મળીને તમારાં બાળકે પૂર્ણ કરવાનું છે. આ વ્યક્તિ તમે અથવા તેમનાં અર્લિ ચાઇલ્ડહુડ શિક્ષક હોય શકે છે.

*વિભાગ 3: પરિવાર*, તમારે ભરવાનું છે. તમે માહિતી આપો તે મહત્વપૂર્ણ છે. આ ભાગમાં તમને, તમારા બાળકની રૂચિઓ તથા તમારા વિચારો અને શાળામાં તમારા બાળક માટેની આશાઓ વિશે જણાવવામાં મદદરૂપ થાય તેવા પ્રશ્નો છે. આ પ્રશ્નોનાં જવાબ આપવાથી શિક્ષકો અને ઓએસએચસી કર્મચારીઓ (જો લાગુ પડતું હોય તો)ને તમારા બાળકને પ્રતિક્રિયા આપવામાં અને તેમને સમજવામાં મદદ થઇ શકે છે, જે તેમનાં શિક્ષણ અને વિકાસને ટેકો આપશે.

## ટીએલડીએસ પૂર્ણ કર્યા પછી શું થશે?

ટીએલડીએસ પૂર્ણ કર્યા પછી તમારા અર્લિ ચાઇલ્ડહુડ શિક્ષક તમને તેની એક ભરેલી નકલ આપશે.

તમારાં અર્લિચાઇલ્ડહુડ શિક્ષક પૂર્ણ કરેલ ટીએલડીએસ તમારા બાળકની શાળા અને ઓએસએચસી સેવાને (જો લાગુ પડતું હોય તો) પણ આપશે.

તમારું બાળક કઇ શાળામાં જશે તે વિશે તમે સુનિશ્ચિત ન હોવ તો, તમારાં અર્લિ ચાઇલ્ડહુડ શિક્ષક તમને ટીએલડીએસની બીજી નકલ પણ આપશે. જ્યારે દાખલો કરાવી દો ત્યારે તે શાળાને તમે આ નકલ આપી શકો છો.

જો તમે *વિભાગ 3: પરિવાર* પૂર્ણ ન કરો તો પણ, તમારા બાળકનાં અર્લિ ચાઇલ્ડહુડ શિક્ષક બાકીનાં પૂર્ણ કરેલ વિભાગો જે તે શાળા અને ઓએસએચસી સેવા (જો લાગુ પડતું હોય તો)ને આપશે અને તેમને જે આપ્યું હોય તેની એક નકલ તમને આપશે.

સંશોધન અને શાળાઓનો પ્રતિસાદ દર્શાવે છે કે, આ માહિતી પૂરી પાડવાથી સફળ શાળા સંક્રમણને ટેકો મળે છે. જો તમે ઇચ્છતા હોવ કે, તમારાં બાળકની શાળાને ટીએલડીએસ ન આપવામાં આવે તો, કૃપા કરીને તમારા બાળકનાં અર્લિ ચાઇલ્ડહુડ શિક્ષક સાથે ચર્ચા કરશો.

યોગ્ય અને સલામત માહિતી વિક્ટોરિયાના શિક્ષણ અને સંભાળ વ્યવસાયિકોને, બાળકની સુખાકારી અને સલામતી સુનિશ્ચિત કરવા જરૂર જ્ઞાન અને માહિતી ધરાવવામાં મદદ કરે છે.

વધુ માહિતી માટે, https://www.vic.gov.au/information-sharing-schemes-and-the-maram-frameworkની મુલાકાત લો

## વધુ માહિતી માટે

વધુ જાણકારી માટે, તમે www.vic.gov.au/transition-school-resources-families ની મુલાકાત લઇ શકો છો

એ જ લિંક પર આ માહિતી કેટલીક સામુદાયિક ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે: www.vic.gov.au/transition-school-resources-families